ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના
નિયમ-૬૯ માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૩-૭૯૪-ઝ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૩/૨૦૧૯

ઠરાવ:

ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ-૬૯ની જોગવાઇ મુજબ જે જિલ્લામાં માંગણી ઉપસ્થિત થતી હોય તે જિલ્લામાં ચુકવણી કરવામાં આવે છે. આથી, રાજ્યના પેન્શનરો હાલ જે જિલ્લામાંથી પેન્શન મેળવતા હોય તે સિવાયના અન્ય જિલ્લામાંથી પેન્શન મેળવવા માગતા હોય તેવા કેસમાં, જે તે જિલ્લાની તિજોરી કચેરીમાં પી.પી.ઓ. ટ્રાન્સફર કરાવવો પડે છે. તે જ રીતે રાજ્ય બહાર વસતા રાજ્યના પેન્શનરોએ તેમના વતનમાં પેન્શન મેળવવા માટે બંને રાજ્યોની એ.જી. કચેરીના પરામર્શમાં નિયત પ્રક્રિયામાંથી પસાર થવુ પડે છે. પેન્શનરોને તેમના વતનના કે રહેઠાણના જિલ્લામાં સરળતાથી અને ઝડપથી પેન્શનનું ચુકવણું કરી શકાય તે માટે ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ-૬૯માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણાં હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાંને અંતે ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ-૬૯માં આથી, નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

" જે જિલ્લામાં માંગણી ઉપસ્થિત થતી હોય તે જિલ્લા સહિત અન્ય કોઇ પણ સ્થળે ચુકવણી કરી શકાશે ".

ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦માં જાહેરનામા દ્વારા અલગથી સુધારો કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.પટેલ )
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)

પ્રતિ,

માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધ પક્ષના નેતાશ્રી ગુજરાત વિધાનસભા, સચિવાલય ગાંધીનગર.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ.

- સચિવશ્રી (આ.બા.) ના રહસ્ય સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર નાણા વિભાગ.
- સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર નાણા વિભાગ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
નિયામકશ્રી, વીમા નિયામકની કચેરી, ગાંધીનગર.
સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
નાણા વિભાગના તમામ શાખાઓ (નાણા શાખાઓ સહિત)
સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબસાઇટ ઉપર મૂકવા માટે.
પસંદગી ફાઇલ,- ઝ શાખા

- પત્ર દ્વારા.